" મીઠાં બાળકો - આ જૂની દુનિયામાં બીજી કોઈ પણ આશા ન રાખી ભવિષ્ય ઊંચ પદ મેળવવા માટે ફક્ત નષ્ટોમોહા બનો , બાપ ને યાદ કરો અને પવિત્ર રહો"

પ્રશ્ન :- બાપ કયો સીધો સરળ રસ્તો બતાવે છે, કઈ વાત સાથે બાપનો તૈલુક (સંબંધ) નથી?

ઉત્તર :- બાપ બાળકોને શાંતિધામ, સુખધામ જવાનો સીધો-સાદો રસ્તો બતાવે છે - બાળકો ફક્ત બાપ ને યાદ કરો અને પવિત્ર રહો. બાકી તમારી સામે કોઈ મુશ્કેલી આવે, દુઃખ કે બીમારી આવે, દેવાળું મારો.... આ બધો તમારા પોતાનાં જ કર્મો નો હિસાબ છે, એની સાથે બાપનો કોઈ સંબંધ નથી. બાપ યુક્તિઓ બતાવે છે, કર્મબંધન થી છૂટવું દરેક બાળકોનું કામ છે.

પ્રશ્ન :- કોઈ-કોઈ બાળકો કયા એક કારણ થી સર્વિસ (સેવા) લાયક નથી બનતાં?

ઉત્તર :- ફેમિલિયારિટી (લૌકિકતા) નો હળવો નશો છે, માયા નો અંદર કીડો લાગેલો છે - એનાં કારણે સર્વિસ લાયક નથી બની શકતાં.

ગીત :- લૌટ ગયા ગમ કા જમાના....

ઓમ્ શાંતિ ! ખુશી અને ગમ (દુઃખ). હમણાં તો છે રાવણ રાજ્ય. મનુષ્ય તો જાણતાં નથી કે રાવણ રાજ્ય કોને કહેવાય છે. બાપ આવીને બાળકોને સમજાવે છે કે ગમ ક્યારે હોય છે અને ખુશી ક્યારે હોય છે. આ રાવણ રાજ્ય માં ગમ પણ છે તો ખુશી પણ છે. હમણાં-હમણાં ખુશી, હમણાં-હમણાં ગમ. બાળક જન્મયું તો ખુશી, મરી ગયું તો ગમ. સંન્યાસી પણ કહે છે - અહીંનું સુખ કાગ વિષ્ટા નાં સમાન છે. તો જરુર કહેશે આ ગમની દુનિયા છે. પરંતુ એમને આ ખબર જ નથી કે સદા સુખ, જ્યાં ગમ નું નામ નિશાન પણ ન હોય, તે હોય જ છે સુખધામ માં. આ આપ બાળકો હમણાં જાણો છો કે બરાબર હમણાં રાત છે. રાત દુઃખની હોય છે, આને રાવણ ની રાત કહેવાય છે. રાવણ નાં આવવાથી ભક્તિ આરંભ થાય છે. વિકાર આરંભ થઈ જાય છે. હવે આપ બાળકો સમજો છો કે અમે સદા ખુશીમાં રહેવાનો હમણાં પુરુષાર્થ કરી રહ્યાં છીએ. બાપ સમજાવી રહ્યાં છે કે બાળકો ભવિષ્ય ઊંચ પદ મેળવવાનો પુરુષાર્થ કરો બીજી કોઈ પણ આશા નથી રાખવાની. બાળકોને તો આ ખબર જ નથી કે બેહદનાં બાપ પાસે થી શું મળે છે! બાપ જ આવીને બતાવે છે. દુનિયા નથી જાણતી કે પરમાત્મા પાસે થી શું મળે છે. સમજે છે દુઃખ-સુખ એ જ આપે છે. બાપ કહે છે હું તો સદા સુખ આપવા વાળો છું. તમે ફક્ત શ્રીમત પર ચાલો. હું તો તમને શાંતિધામ અને સુખધામ નો રસ્તો બતાવવા આવ્યો છું. એ રસ્તા પર ચાલવું તો તમારું કામ છે બીજી કોઈ ઝંઝટ સામે આવે છે? ઝંઝટો માં તો આખી દુનિયા છે. બાપ કહે છે હું તો સીધો-સાદો રસ્તો બતાવું છું. તે તો ખૂબ સહજ છે. બાકી જે વિપદાઓ ઝંઝટ આવે છે, દુઃખ આવે છે, બીમારી વગેરે થાય છે, દેવાળું મારે છે.... આ બધાં છે તમારા કર્મો નાં હિસાબ. તે દરેકે ભોગવવાનાં જ છે, એની સાથે મારો કોઈ સંબંધ નથી. આ સમયે પણ કોઈ એવું પાપ કરે છે તો દુઃખ ભોગવવું પડે છે. હું તો તમને રસ્તો બતાવવા આવ્યો છું. મારું ફરમાન છે મુજ બાપને યાદ કરો કારણ કે પાછા જવાનું છે. બાકી લડાઈ-ઝઘડા માં તો આખું આયુષ્ય ગુમાવ્યું. હું તો સીધો રસ્તો બતાવું છું કે મને યાદ કરો અને પવિત્ર રહો. કેવી રીતે રહો, આ પણ યુક્તિઓ બતાવે છે. બાકી માથું મારવું પુરુષાર્થ કરવો તો તમારું કામ છે. આ બધાં કર્મબંધન આપ બાળકોનાં છે. બાપ કહે છે ગૃહસ્થ વ્યવહાર માં રહી પવિત્ર રહેવાનું છે. બાપ જાણે છે સ્ત્રી નો પતિમાં, બાળકોમાં મોહ ખૂબ રહે છે, એનાંથી છુટકારો મેળવવો, નષ્ટોમોહા બનવું.... આ તો બાળકોનું કામ છે.

બાપ તો ફક્ત બે વાતો કહે છે - જો પૂરો વારસો લેવો છે તો એક પવિત્ર જરુર બનવાનું છે અને બીજું યોગમાં રહેવાનું છે. કોઈ વાતમાં તમારી સાથે જો કોઈ લડે છે તો આ થયો તમારા કર્મોનો હિસાબ-કિતાબ બાકી તમે પવિત્ર રહો એનાં માટે ગવર્મેન્ટ (સરકાર) પણ રોકી ન શકે. બાપ તો રસ્તો બતાવે છે કે તમારે ઘરબાર નથી છોડવાનું. ગૃહસ્થ વ્યવહારમાં રહેતા પવિત્ર રહેવાનું છે અને યોગમાં રહેવાનું છે. મનુષ્ય સમજે છે પવિત્ર રહેવું ખૂબ મુશ્કેલ છે કારણ કે એવી શિક્ષા કોઈએ ક્યારેય નથી આપી. ભલે કેટલાં પણ બ્રહ્મચારી રહે છે પરંતુ અહીં તો કાયદો છે ગૃહસ્થ વ્યવહારમાં રહીને પવિત્ર રહેવાનું છે. કુમારી તો પવિત્ર જ છે, એનાં માટે તો ખૂબ સહજ છે,

પવિત્ર જ રહો. ગૃહસ્થ માં નહીં જાઓ. આમાં ફક્ત હિંમત જોઈએ. તમે કહી શકો છો કે અમે ભારત ને સ્વર્ગ બનાવવા માટે પવિત્ર રહેવા ઈચ્છીએ છીએ, આમાં ભારતનું જ કલ્યાણ છે. પવિત્રતા નો વારસો અમને મળી જશે. આ છે વારસો લેવાની વાત. સતયુગમાં હતી જ પવિત્ર દુનિયા. સંગમ પર જે પવિત્ર બને છે એ જ પવિત્ર દુનિયાનાં માલિક બનશે. આમાં આખી દુનિયાનો તો પ્રશ્ન નથી કે બધાં કેવી રીતે પવિત્ર બનશે. હમણાં બધાંનો કયામત નો (હિસાબ કિતાબ ચૂક્તે કરવાનો) સમય છે. હવે બધાએ હિસાબ-કિતાબ ચૂક્તું કરી પાછા જવાનું છે. બધાં તો આવીને જ્ઞાન લેશે નહીં. જે સહજ રાજયોગ શીખશે એ જ વારસો મેળવશે. આખી દુનિયા તો શું આખું ભારત પણ આ જ્ઞાન સાંભળી ધારણ નથી કરી શકતું. બાકી કોઈ ઝઘડો છે તે તો આપ બાળકોએ ખતમ કરવાનો છે યોગબળ થી. માર એમને ખાવો પડે છે જેમનું કાંઈક મમત્વ છે, નષ્ટોમોહા નથી બન્યાં, તે તાકાત નથી. બાબાની પાસે સમાચાર આવ્યાં કે એક ગોપીકાએ ખૂબ આંસુ વહાવ્યાં. પરંતુ રડવાથી શું થશે? બાપે યુક્તિઓ તો ઘણી બતાવી છે. પતિ ને કહો અમે પવિત્ર રહેવા ઈચ્છીએ છીએ બીજી બાકી બધી સેવા કરવા માટે તૈયાર છીએ. યુક્તિથી પોતાને છોડાવી શકો છો. પરંતુ પહેલાં પોતાનાં દિલનું મમત્વ ટુટવું જોઈએ. માતાઓનો પતિ અને બાળકોમાં ખૂબ મોહ હોય છે. પછી કહે છે કોઈ છોડાવે. પરંતુ આમાં રાડો પાડવાની કે રડવાની કોઈ જરુર નથી. આ સમજની વાત છે. સમજો કોઈ સારા વ્યક્તિની સ્ત્રી છે, બાળકો પણ ફર્સ્ટક્લાસ છે, બાબા તો કહેશે ગૃહસ્થ વ્યવહારમાં રહી પવિત્ર રહીને દેખાડો, આ અંતિમ જન્મ માટે. તો પતિને સમજાવીને વશ કરવા પડે. નહીં તો જવાબ આપવો પડે. પરંતુ જ્યારે નષ્ટોમોહા બની શકો ત્યારે. કોઈ ઈચ્છે તો એક સેકન્ડમાં નષ્ટોમોહા થઈ જાય, નહીં તો જીવનભર પણ ન થઈ શકે. ઘણાઓનું છોડ્યા પછી પણ મમત્વ નથી ખતમ થતું પછી રગ જતી રહે છે, તો તે અવસ્થા નથી રહેતી, એટલે બાપ કહે છે પહેલાં નષ્ટોમોહા થઈ જાઓ. બાકી ફક્ત કર્મ કૂટતા રહેશો તો બાપ શું કરશે? બધા માટે રસ્તો એક જ છે પવિત્ર જરુર બનવાનું છે. જો પવિત્ર નથી રહેવા દેતા તો પોતાનાં પગ પર ઉભાં થઈ કોઈને કોઈ સર્વિસમાં લાગી જાઓ. અહીં તો સાફ દિલ જોઈએ. એવું નહીં ઘર છોડીને આવે પછી બ્રાહ્મણ કુળમાં રહી કોઈને કોઈ સાથે ફેમિલિયારિટી માં ફસાઈ રહે. એવાં પણ ઘણાં છે જેમને ફેમિલિયારિટી નો હળવો નશો હોય છે. એમની અવસ્થા નથી ચઢતી. સર્વિસ લાયક નથી બનતાં કારણ કે અંદર કીડો લાગેલો છે. માયા છોડતી નથી. લખે છે બાબા ખૂબ માયાનાં તોફાન આવે છે. તો જરુર હળવો નશો આવતો હશે. અહીં કમળફૂલ સમાન રહેવાનું છે. મુરઝાવાની (નિરાશ થવાની) વાત નથી. બધાંને પોત-પોતાના કર્મબંધન છે, તો દવા પણ પોત-પોતાની છે. કોઈ કમાણી માટે પૂછે છે તો બાબા એમનો પોતામેલ જોઈને સલાહ આપે છે. કોઈ છે જેમનો ધંધો એવો છે કે પાપ કર્યા વગર શરીર નિર્વાહ ચાલી ન શકે. આજકાલ સમય જ એવો થઈ ગયો છે. કોઈની પાસે ખૂબ પૈસા છે તો પાપ કરવાની જરુર નથી. બાબા કહે છે શાંતિમાં બેસી યોગની કમાણી કરો પરંતુ કામ કરતા પહેલાં સલાહ લેવાની હોય છે. એવું નહીં કામ કર્યા પછી બોલો આ વાતમાં ફસાઈ ગયો છું - શું કરું? બાબા સમજાવતાં રહે છે, જો ધન ખૂબ છે તો શાંતિ માં બેસી બાબા પાસે થી વારસો લો, ધંધાધોરી ની ઝંઝટ છોડો. કદમ-કદમ પર શ્રીમત પર ચાલવું જરુરી છે. પરસ્પર ખૂબ મીઠાં રહેવાનું છે. નહીં તો બાપદાદા નું નામ બદનામ કરશો. બાપદાદા અથવા સદ્દગુરુ ની નિંદા કરાવવા વાળા ઊંચ પદ નહીં મેળવશે. પોતાનાં હાથમાં લૉ (કાયદો) ન ઉઠાવવો જોઈએ. નહીં તો બધાં કહેશે ઈશ્વરીય કુળ નાં પણ આવાં બાળકો હોય છે શું? બાપ કહે છે કોઈને દુઃખ નહીં આપો. સવારે ઉઠી બાબાને યાદ કરો. બાબા તમે કેટલાં મીઠાં છો, તમે અમને રાજાઓનાં રાજા સ્વર્ગ નાં માલિક બનાવો છો. અમે તમારી શ્રીમત પર જરુર ચાલીશું. અમે આસુરી મત પર નહીં ચાલીએ. બાબાને યાદ નથી કરતા તો બાપ સમજી જાય છે આનામાં હજું જૂનાં આસુરી સંસ્કાર છે. એ શું સ્વર્ગ નું રાજ્ય ભાગ્ય લેશે! પોતાની ચાલ તો જુઓ. નહીં તો આપ બાળકો જેવાં તકદીરવાન દુનિયાભર માં કોઈ નથી. બાપ તો કહેશે - સગા બાળકો બનો. એવી ચલન દેખાડો જે બાપ પણ ખુશ થાય. બાપને બાળકોનો ખૂબ ખ્યાલ રહે છે કે કેવી રીતે બાળકોને દુઃખ થી છોડાવી ઊંચ પદ પ્રાપ્ત કરાવું.

બાબા સમજાવે છે દિવસે ભલે ગોરખધંધો કરો પરંતુ બ્રહ્મ-મુહૂર્ત માં ઉઠી બાબા સાથે મીઠી-મીઠી વાતો કરવી જોઈએ. બાબા તમે તો કમાલ કરી છે! ૨૧ જન્મો માટે સ્વર્ગની બાદશાહી તો તમે આપો છો! હું તો તમારા પર બલિહાર જાઉં. તો બલિહાર જવાનું છે, ફક્ત કહેવાનું નથી. જેટલો સમય યાદ માં રહેશો એની અસર આખો દિવસ ચાલશે. ઘણાં બી.કે. છે જે સવારનાં ઉઠતાં નથી, તો ધારણા પણ નથી થતી. સવારે જાગવાની આદત પડી જાય પછી જુઓ કેવાં સર્વિસેબલ (સેવાધારી) બની જાઓ છો. જેમને સર્વિસનો શોખ છે તે ક્યાંય પણ સર્વિસ કરશે. ગાળો તો મળશે. ૧૦૦ માંથી એક નીકળશે. એમાં લજ્જા (શરમ) ન આવવી જોઈએ. સર્વિસ તો જ્યાં ત્યાં છે, ફક્ત કરવાવાળા હોય. બાબા યુક્તિઓ તો બતાવતા રહે છે. નશો હોવો જોઈએ. બીજા બધાં નશામાં

છે નુકસાન, સિવાય નર થી નારાયણ બનવાનો નશો. આ નશો બાપ ચઢાવે છે. બાકી કોઈની પાસે જ્ઞાનનો નશો નથી. પતિત દુનિયા અને પાવન દુનિયાની પણ કોઈને ખબર નથી. પતિત દુનિયામાં જરુર પતિત હશે. ત્યારે જ પાવન દેવતાઓને પૂજે છે. સતયુગ, ત્રેતા માં તો પાવન મહારાજા, મહારાણી થઈને ગયાં છે. રાવણની રાજધાની શરુ થાય છે દ્વાપર થી.

બાળકો જાણે છે કે શિવબાબા અમને સારા કર્મ શિખવાડે છે અને પછી પદ નો પણ સાક્ષાત્કાર કરાવે છે. આ છે પ્રત્યક્ષફળ નો સાક્ષાત્કાર કે જ્યારે બાપ સ્વયં આવે છે શીખવાડવા માટે તો શીખવાની કેટલી ઉત્કંઠા હોવી જોઈએ. કર્મબંધન છે ફક્ત એવું કહેવું એને પણ કમજોરી કહેવાય છે. કર્મબંધન થી છૂટવાની યુક્તિઓ પણ બાબા બતાવતા રહે છે. પરંતુ એવી સલાહ પાક્કા ને જ આપી શકાય છે, નહીં કે કાચ્ચા ને. ઘણી બાંધેલીઓ પણ પુરુષાર્થ કરી જ્ઞાન યોગબળ થી પતિને વશ કરી એમને લઈ આવે છે, માર પણ ખૂબ ખાય છે. કહેવાય છે ને ધરત પરીએ ધર્મ ન છોડીએ. તો આ પણ પ્રતિજ્ઞા કરાય છે અને એનાં પર કાયમ રહેવું જોઈએ. અમલ કરવું જોઈએ. માયા ખૂબ પ્રબળ છે એનાં પર વિજય મેળવવાનો છે, પૂરો પુરુષાર્થ કરવાનો છે. એવું નહીં કે સ્વર્ગ માં કોઈ પણ પદ મળે. નહીં, પુરુષાર્થ ઊંચ બનવાનો કરવો જોઈએ. અચ્છા.

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપનાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. પોતાનાં હાથમાં લો નથી ઉઠાવવાનો. પરસ્પર ખૂબ-ખૂબ મીઠાં રહેવાનું છે. કોઈને પણ દુઃખ નથી આપવાનું. બ્રહ્મ મુહૂર્ત માં ઉઠી બાપ સાથે મીઠી-મીઠી વાતો કરવાની છે.
2. સેકન્ડ માં નષ્ટોમોહા બનવાનું છે. પવિત્ર રહેવાની યુક્તિ કાઢવાની છે. હિંમત રાખવાની છે. જ્ઞાન-યોગબળ થી હિસાબ-કિતાબ ચૂક્તું કરવાનાં છે.

વરદાન :- સેવાનાં ક્ષેત્રમાં સ્વ - સેવા અને સર્વની સેવાનું બેલેન્સ ( સંતુલન ) રાખવા વાળા માયાજીત ભવ

સર્વની સેવાની સાથે-સાથે પહેલાં સ્વ સેવા આવશ્યક છે. આ બેલેન્સ સદા સ્વ માં અને સેવામાં ઉન્નતિ પ્રાપ્ત કરાવે છે એટલે સેવાના ક્ષેત્રમાં ભાગ-દોડ કરતા બંને વાતોનું બેલેન્સ રાખો તો માયાજીત બની જશો. બેલેન્સ રાખવાથી કમાલ થાય છે. નહીં તો સેવામાં બાહ્યમુખતા નાં કારણે કમાલ નાં બદલે પોતાનાં અથવા બીજાના ભાવ-સ્વભાવ ની ધમાલ માં આવી જાઓ છો. સેવાની ભાગ-દોડ માં માયા બુદ્ધિની ભાગ-દોડ કરાવી દે છે.

સ્લોગન :- પોતાની વિશેષતાઓનાં બીજ ને સર્વ શક્તિઓનાં જળ થી સિંચીને એને ફળદાયક બનાવો.